અરજી નં. 6227/22

# વચ્ચગાળાની જામીન અરજી

Presented on 21 NOV 2022
by Advocate/Applicant Shri V. D. Kamdiya
Bhuj-Kachchh
Date : 21 NOV 2022
Dy. Registrar
Filing & Information Center
District Court, Kachchh-Bhuj

IRNo 4237/22
21 NOV 2022

## નામદારશ્રી અધિક સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, ભુજ કચ્છ

ફો.પ.અ.નં. /૨૦૨૨
1366

દીપક અશોક કીંગર,
ઉ.વ. ૪૦, ધંધો. મજુરી,
રહે. વસંત વીહાર, કોટન મીલ પાસે,
રેલ્વે રોડ, મલેર કોટલા, સંગરૂર, પંજાબ
હાલે જયુડીશીયલ કસ્ટડી,
ખાસ પાલારા જેલ
ભુજ–કચ્છ. .....અરજદાર

C.A.V.C

વિરુધ્ધ

શ્રી સરકાર,
મારફતે જીલ્લા સરકારી વકીલ શ્રી
ભુજ કચ્છ .....સામાવાળા

COURT OF SESSIONS - KACHCHH AT BHUJ

બાબત: અમદાવાદ એ.ટી.એસ. ગુ.૨જી.નં. III ૪/૨૨ તે એન.ડી.પી.એસ. એકટ ૮(સી), ૨૧(સી), ૨૩(સી), ૨૯ મુજબના ગુન્હા કામે જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ જેથી પોતાની પત્નિની ખાનગી સારવાર કરાવવા અર્થે હાલના અરજદાર/આરોપીને દિન–૩૦ નાં વચ્ચગાળાનાં જામીન આપવા અરજ.

આ કામે અરજદાર /આરોપીની માનસર અરજ કે અરજદારને અમદાવાદ એ.ટી.એસ. ગુ.૨જી.નં. III ૪/૨૨ તે એન.ડી.પી.એસ. એકટ ૮(સી), ૨૧(સી), ૨૩(સી), ૨૯ મુજબના ગુના કામે તપાસ કરનાર દ્વારા અટક કરવામાં આવેલ.

આ કેસની હકીકત એવી છે કે, આ કામે આરોપી ડિલાઈટ ઈમ્પેક્ષનાં માલીક C/o અજય જૈન ડિલાઈટ હાઉસ રેલ્વે રોડ, તા. મલેર, કોટલા સંગરૂર પંજાબનાંઓએ આજથી બે મહીનાની આસપાસ જોવીઅન કન્ટેનર લાઈસન્સ પ્રા.લી. મારફતે ગ્રીન ફોરેસ્ટ જનરલ ટ્રેડીંગ અજમાન ઝોન અજમાન યુ.એ.ઈ.નાં પાસેથી કન્ટેનર નં. ILCU5225020 માં કાપડની આડમાં કાપડનાં રોલમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે માદક પદાર્થ હેરોઈનનો કોમર્શીયલ જંથ્થો ૭૫ કીલ્લો ૩૦૦ ગ્રામનો રૂા. ૩૭૬,૫૦,૦૦,૦૦૦/– નો રાખી મળી આવી ગુન્હો કર્યા બાબત.



Scanned with CamScanner

આ કામના આરોપી છેલ્લા ૪ મહીનાથી જેલમાં છે, અને કાચા કામના કેદી તરીકે રહેલ છે, અરજદાર/આરોપીનાં પત્નિને ખુબ જ પીડા અને યાતનાઓનો સહન કરે છે. પરંતુ હાલે પીડા અસહય થઈ ગયેલ છે. જેને ગર્ભાશયમાં અસહય પીડા તથા સ્વાસ લેવામાં તકલીફ થતી હોઈ જેથી ખાનગી હોસ્પીટલમાં સારવાર લેવાની હોવાથી વચ્ચગાળાનાં જામીન મંજુર કરવા નમ્ર અરજ છે. તથા અરજદાર/આરોપીની પત્નિનાં હોસ્પીટલનાં રીપોર્ટ આ કામે સામેલ રાખેલ છે. જેને ધ્યાનમાં લઈ વચ્ચગાળાની જામીન અરજી મંજુર કરવા નમ્ર અરજ છે.

હાલે અરજદાર/આરોપીનાં પત્નિને ખુબ જ પીડા/યાતના ભોગવી રહેલ છે, અને સારવાર નહીં મળે તો અરજદાર/આરોપીનાં પત્નિના જીવનુ પણ જોખમમાં મુકાઈ જશે. જેથી આ કામે અરજદાર/આરોપીનાં પત્નિને પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર કરાવવી અતિ જરૂરી હોઈ જેથી હાલની આ વચ્ચગાળાની જામીન અરજી માનવતાના ધોરણે કરેલ છે.જે વચ્ચગાળાના જામીન મંજુર કરવા અરજ છે.

આ કામે હાલના અરજદાર /આરોપી કોઈપણ જાતના પુરાવા કે સાક્ષીને નુકશાન પહોંચાડશું નહી કે તેને ફોડવાનો પ્રયત્ન કરશું નહીં. પ્રથમ વચ્ચગાળાની અરજી છે. અગાઉ કોઈ પ્રકારની જામીન અરજી કરેલ નથી.

આ કામે હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે આપ નામદાર કોર્ટ દ્વારા જે શરતો ફરમાવેલ છે, તેનો અમોને ચુસ્તપણે પાલન કરીશુ જેની પુરેપુરી ખાત્રી આપીએ છીએ. હાલની વચ્ચગાળાની જામીન અરજી કોઈપણ જાતના મેરીટ ઉપર કરવામાં આવેલ નથી, માત્રને માત્ર માનવતાના ધોરણે કરવામાં આવેલ છે, જે તમામ સંજોગો અને હકીકતોની ધ્યાને રાખી હાલના અરજદાર/આરોપીને વચ્ચગાળાના દીન – ૩૦નાં જામીન આપવા નમ્ર અરજ છે.

અ કામે રૂબરૂમાં સુનાવણી વખતે જે રજુઆતો થાય તે ધ્યાને લેવા નમ્ર અરજ છે.

**સબબ નમ્ર અરજ કે,**

આ કામે અમદાવાદ એ.ટી.એસ. ગુ.રજી.નં. III ૪/૨૨ તે એન.ડી.પી.એસ. એકટ ૮(સી), ૨૧(સી), ૨૩(સી), ૨૯ મુજબના ગુન્હા કામે જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ જેથી અરજદાર/આરોપીની પત્નિની ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવવા અર્થે હાલના અરજદાર/આરોપીને દિન–૩૦ ના વચ્ચગાળાના જામીન પર મુકત કરવા અરજ છે.

તા.૨૧/૧૧/૨૦૨૨

સ્થળ: ભુજ–કચ્છ.

.....

અરજદાર/આરોપીના

એડવોકેટ

(V. D. Kamaniya)

રજુ કરનાર

(વી.ડી. કનૈયા)

એડવોકેટ

Scanned with CamScanner

અધિક પોલીસ મહાનિદેશકની કચેરી
આતંકવાદ વિરોધી દળ, ગુજરાત રાજ્ય,
એસ.જી.હાઇવે, છારોડી, અમદાવાદ.
ટેલિફોન નંબર:- ૦૨૭૧૭-૨૪૧૨૦૦
ફેક્સ નંબર:- ૦૨૭૧૭-૨૪૧૧૫૦

જાવક ક્રમાંક: એ.ટી.એસ/ના.પો.અધિ./ ૯૩૭ /૨૦૨૨ તારીખ:૩૦/૧૧/૨૦૨૨

પ્રતિ,
મહેરબાન સેશન્સ જજ સાહેબશ્રી,
સ્પેશ્યલ NDPS કોર્ટ,
ભુજ.

Ex-7/C

વિષય:- ફોજદારી પ.અ.નં. ૧૩૬૬/૨૨ ના કામે વચગાળાની જામીન અરજી સબંધે તપાસ કરી રીપોર્ટ કરવા બાબત.

સવિનય ઉપરોક્ત વિષય સંબંધમા જણાવવાનુ કે, એ.ટી.એસ. પો.સ્ટે. થર્ડ ગુ.ર.નં. ૦૪/૨૦૨૨ એન.ડી.પી.એસ. એક્ટ કલમ ૮(સી), ૨૧(સી), ૨૩(સી), ૨૯ મુજબના ગુનાના કામે આરોપી દિપક અશોક જાતે કિંગર ઉ.વ.૪૦ રહે-૪૧૩ વસંતવિહાર, કોટન મિલ પાસે, રેલ્વે રોડ, મલેર કોટલા, સંગરૂર, પંજાબ નાનો હાલ ભુજ, પાલારા જેલ ખાતે કાચા કામના કેદી તરીકે કેદ છે. અને સદરી આરોપીએ પોતાની પત્નીની ગર્ભાશયની બીમારીના કારણે તેઓની સારવાર કરવા સારૂ સેશન્સ જજશ્રી, સ્પે. એન.ડી.પી.એસ. કોર્ટ, ભુજમા દિન-૩૦ ના વચગાળાના જામીન મેળવવા સારૂ ફોજદારી પ.અ.નં. ૧૩૬૬/૨૨ થી કરેલ છે.

આ કામે એસ.ઓ.જી. કચ્છ-ભુજ ધ્વારા મલેર કોટલા પંજાબ ખાતે જઇ તપાસ કરાવતા ત્યાં અરજદાર આરોપીના પિતા અશોકકુમાર કીંગર તેમજ તેની પત્ની પુજાબેન નાઓના લીધેલ નિવેદન તેમજ અરજદાર આરોપીના માતૃશ્રી ઉષાબેન કીંગર નાઓ પણ હાલ દવાખાનામા દાખલ છે. તેમજ અરજદાર આરોપીના પત્ની પુજા W/O દિપક અશોક જાતે કિંગર રહે- ૪૧૩ વસંતવિહાર, કોટન મિલ પાસે, રેલ્વે રોડ, મલેર કોટલા, સંગરૂર, પંજાબ ખાતે રહેતા હોય તેઓની સારવાર કરનાર ડોક્ટરશ્રીના સર્ટીફિકેટ આ સાથે સામેલ છે. તેમજ અરજદાર આરોપી દિપક કીંગર ના પત્ની પુજા બેનની સારવાર દરમ્યાન ત્યાં દિપકના પિતા અશોકકુમાર તથા તેના ભાઇ સૌરવ તથા અન્ય પરિવારજનોની ત્યાં હાજરી હોય અરજદાર આરોપી દિપક કીંગરની સારવાર દરમ્યાન ત્યાં હાજરીની જરૂર લાગતી નથી. તેમજ જો અરજદાર આરોપી ને વચગાળાના જામીન આપવામા આવેતો તે બીજા રાજયનો હોય અને ભાગી જાય તેવી પુરી શકયતા હોય તેઓના વચગાળાના જામીન નામંજુર કરવા અમારો અભિપ્રાય થાય છે. જે આપ સાહેબશ્રીને વિદીત થાય.

(એસ.એન.પરમાર)
પોલીસ ઇન્સપેકટર,
એ.ટી.એસ. ગુ.રા. અમદાવાદ.

સવિનય રવાના:-
સરકારી વકીલશ્રી,સ્પેશ્યલ NDPS કોર્ટ,ભુજ નાઓ મારફત.

Scanned with CamScanner